તારીખ : 1/11/2018
વાર : ગુરૂવાર

વિષય : ગણિત
ધોરણ : 7 (પ્રથમ સત્ર)

ગુણ : 80
સમય : 2:00 થી 5:00

## વિભાગ: A

**સૂચના મુજબ કરો** (દરેકનો 1 ગુણ, પ્રશ્ન ક્રમ 1 થી 28) (28)

- **યોગ્ય વિકલ્પ પસંદ કરો (પ્રશ્ન ક્રમ 1 થી 6)**

1.  +  = ______ (છાયાંકિત કરેલ ભાગને ધ્યાનમાં રાખી જવાબ આપો.)

   (A) $\frac{1}{2}$ (B) $\frac{3}{4}$ (C) $\frac{5}{4}$ (D) $\frac{3}{8}$

2. આપેલા અવલોકનોના સમૂહમાંથી સૌથી વધુ વખત આવનાર અવલોકનને તે સમૂહનો શું કહે છે?

   (A) બહુલક (B) મધ્યક (C) મધ્યસ્થ (D) વિસ્તાર

3. " $x$ ના ત્રણ ગણા અને 11 નો સરવાળો 35 છે." આ વિધાનને સમીકરણ સ્વરૂપે કઇ રીતે લખાય ?

   (A) $3x + 11 > 35$ (B) $3x - 11 = 35$

   (C) $11x + 3 = 35$ (D) $3x + 11 = 35$

4. એક ત્રિકોણમાં વધુમાં વધુ કેટલા કાટખૂણા હોઇ શકે ?

   (A) 0 (B) 2 (C) 3 (D) 1

5. નીચેના પૈકી કયો ગુણોત્તર 1 : 3 નો સમાન ગુણોત્તર છે ?

   (A) $\frac{4}{12}$ (B) $\frac{12}{4}$ (C) $\frac{2}{15}$ (D) $\frac{3}{1}$

6. બે એકરૂપ રેખાખંડ પૈકી એક રેખાખંડનું માપ 5 સેમી છે. તો બીજા રેખાખંડનું માપ _____ હોય.

   (A) 7 સેમી (B) 5 સેમી (C) 5 મીટર (D) 10 સેમી

- **ખાલી જગ્યા પૂરો** (પ્રશ્ન ક્રમ 7 થી 12)

7. પ્રથમ ત્રણ બેકી સંખ્યાનો મધ્યક _____ થાય.

8. જો $x = 5$ હોય તો $3x + 4 =$ ____________

9. $\Delta ABC$ માં વેધનું એક અંત્યબિંદુ B હોય તો બીજું અંત્યબિંદુ ________ ને સમાવતી રેખા પર હોય.

10. 40 વિદ્યાર્થીઓમાંથી 8 વિદ્યાર્થીઓ ગેરહાજર છે. તો ________ % વિદ્યાર્થીઓ હાજર ગણાય.

11. 50 માંથી 50 એટલે _______ %

12. $\Delta ABC$ અને $\Delta PQR$ વચ્ચેની સંગતતા $ABC \leftrightarrow RQP$ માટે _____ ને સંગત P થાય.



Scanned by CamScanner

- **યોગ્ય જોડકાં ગોઠવો. (પ્રશ્ન 13 થી 17)**

| | A | B |
|---|---|---|
| 13. | (-9) × (-4) | (a) 5 |
| 14. | 0.5 × 10 | (b) 4 |
| 15. | $5x = 10$ નો ઉકેલ | (c) 0.12 |
| 16. | 40 ના 10% | (d) 36 |
| 17. | 12% નું દશાંશ સ્વરૂપ | (e) 2 |

- **નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. (પ્રશ્ન 18 થી 23)**

18. બે ઋણ પૂર્ણાંકોનો ગુણાકાર ધન પૂર્ણાંક જ મળે.
19. અશુદ્ધ અપૂર્ણાંકમાં અંશ કરતાં છેદ મોટો હોય છે.
20. $m + 14 = 20$ નો ઉકેલ 6 છે.
21. જ્યારે બે રેખા છેદે ત્યારે બનતા અભિકોણો સમાન હોય છે.
22. બે કોટિકોણનો સરવાળો 180° થાય છે.
23. 3 સેમી, 8 સેમી અને 4 સેમી બાજુઓનાં માપ ધરાવતો ત્રિકોણ રચી શકાય.

- **એક વાક્યમાં જવાબ આપો. (પ્રશ્ન ક્રમ 24 થી 28)**

24. પેટર્નને વિસ્તારો. 9, 6, 3, 0, ______ , ______
25. [▨▨▨□□□] છાયાંકિત ભાગને અપૂર્ણાંક વડે દર્શાવો.
26. 20, 15, 11, 0, 13 માહિતીનો વિસ્તાર કેટલો થાય ?
27. બે રેખાઓની કોઇ એક છેદિકાથી બનતા અનુકોણની કેટલી જોડ મળે ?
28. $\triangle DEF$ માં ખૂણા $D$ અને ખૂણા $E$ વચ્ચે કઇ બાજુ આવેલી છે ?

## વિભાગ: B

- **સૂચના મુજબ જવાબ આપો. (પ્રશ્ન 29 થી 39, દરેક પ્રશ્નના 2 ગુણ)** **(22)**

29. સંખ્યારેખાની મદદથી ગુણાકાર કરો.

    3 × (-5)

30. એક લીફટ (એલિવેટર) 6 મીટર પ્રતિ મિનિટના દરે નીચે ઉતરે છે. તો 3 મિનિટમાં કેટલા મીટર નીચે ઉતરે ?
31. એક કાર 2 કલાકમાં 94.8 કિલોમીટરનું અંતર કાપે છે. તો તેણે એક કલાકમાં સરેરાશ કેટલું અંતર કાપ્યું કહેવાય ?
32. એક ક્રિકેટરે 8 દાવમાં નીચે મુજન રન બનાવ્યા. 58, 40, 46, 35, 75, 46, 0, 100 તો તેના સરાસરી રન શોધો.
33. સમીકરણ ઉકેલો: $4m-11=5$

    અથવા

    સમીકરણ ઉકેલો: $5(y-3) = 15$



Scanned by CamScanner

34. બે સમાંતર રેખાઓ અને તેની એક છેદિકા દર્શાવતી આકૃતિ દોરો.

35. નીચેની આકૃતિમાં બંને ખૂણાની બાજુઓ સમાંતર છે. જો $\angle ABC = 60^\circ$ હોય તો $\angle DEF$ નું માપ શોધો.




36. $\triangle XYZ$ દોરો. જેમાં ∠Y કાટખૂણો હોય.

37. નીચેની આકૃતિમાં $x$ અને $y$ નું મૂલ્ય શોધો.




38. $\triangle ABC$ માટે AB=4 સેમી, BC=5 સેમી, AC=6 સેમી તથા $\triangle PQR$ માટે PQ=4 સેમી, QR=5 સેમી, PR=6 સેમી ની કાચી આકૃતિ દોરી તેઓ કઇ શરત મુજબ એકરૂપ છે તે કહો.

39. નીચેની આકૃતિમાં કેટલો ભાગ છાયાંકિત છે ? છાયાંકિત ભાગના ટકા શોધો.



## વિભાગ: C

- **સૂચના મુજબ જવાબ આપો. (પ્રશ્ન 40 થી 45, દરેક પ્રશ્નના ત્રણ ગુણ) (18)**

40. એક પરીક્ષામાં દરેક સાચા જવાબ માટે (+3) ગુણ અને દરેક ખોટા જવાબ માટે (-02) ગુણ આપવામાં આવે છે અને કોઇપણ સવાલના જવાબ માટે જો પ્રયત્ન ન કરવામાં આવે તો તેનો એકપણ ગુણ આપવામાં આવતો નથી.

    રાધિકાએ 20 ગુણ મેળવ્યા. જો તેણે 12 સાચા જવાબો આપ્યા હોય તો તેના કેટલા જવાબો ખોટા છે ?

41. દક્ષ 5 કિલોગ્રામ 300 ગ્રામ સફરજન, 3 કિલોગ્રામ 500 ગ્રામ દાડમ ખરીદે છે. વનિતા 4 કિલોગ્રામ 250 ગ્રામ સંતરા અને 5 કિલોગ્રામ 150 ગ્રામ ચીકું ખરીદે છે. તો કોણે વધુ ફળ ખરીદ્યાં? કેટલા?

42. લક્ષ્મીના પિતા 49 વર્ષના છે. તે લક્ષ્મીની ઉમરના ત્રણ ગણાથી 4 વર્ષ મોટા છે. તો લક્ષ્મીની ઉમર કેટલી હશે ?



Scanned by CamScanner

43. એક સીધુ ઝાડ જમીન પરથી 5 મીટર ઊંચાઇએથી તૂટી પડે છે અને તેની ટોચ ઝાડના થડથી 12 મીટર અંતરે જમીનને અડે છે. ઝાડની મૂળ ઊંચાઇ શોધો.

44. નીચેની આકૃતિમાં $AB = AC$ અને $D$ એ $BC$ નું મધ્યબિંદુ છે.




તો $\triangle ADB$ અને $\triangle ADC$ વચ્ચેની કઇ સંગતતા એકરૂપતા થાય ? શા માટે ?

45. ₹ 56000 નું કેટલા ટકા વ્યાજના દરે 2 વર્ષનું વ્યાજ ₹ 2800 થાય ?

**અથવા**

45. મીનાએ અમુક રકમ 9% વ્યાજના દરે 1 વર્ષ માટે લીધી. મુદ્દતના અંતે જો તેણે ₹ 45 વ્યાજ ચૂકવ્યું હોય તો તેણે વ્યાજે લીધેલ રકમ શોધો.

## વિભાગઃ D

- **સૂચના મુજબ જવાબ આપો (પ્રશ્ન ક્રમ 46 થી 48, દરેક પ્રશ્નના 4 ગુણ ) (12)**

46. નીચેની માહિતી કોઇએક ચોક્કસ વર્ગના 6 વિદ્યાર્થીઓએ (600માંથી) મેળવેલ ગુણ દર્શાવે છે. આ માહિતીનો લંબ આલેખ દોરો.

| વિદ્યાર્થીઓ | અજય | વિજય | દર્શના | અરબાજ | જહોન | ગીતા |
|---|---|---|---|---|---|---|
| મેળવેલ ગુણ | 450 | 500 | 300 | 360 | 400 | 540 |

47. જો $l \parallel m$ હોય તો નીચેની આકૃતિમાં $x$ અને $y$ નું મૂલ્ય શોધો.




48. ત્રિકોણના ખૂણાઓનો ગુણોત્તર 2 : 3 : 4 હોય તો દરેક ખૂણાનું માપ શોધો.

**અથવા**

એક નર્સરીમાં આંબા, આસોપાલવ અને લીમડાના રોપાનો ગુણોત્તર 5 : 3 : 12 છે. આ નર્સરીમાં લીમડાના રોપાની ટકાવારી શોધો. જો નર્સરીમાં આંબાના રોપા 25 હોય તો નર્સરીમાં આસોપાલવના કેટલા રોપા હશે ?



Scanned by CamScanner